સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૩–૨–૦૯ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

::::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૩–૨–૦૯ ના પત્ર નં.સીમીસ/૮/૪૫ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૬૫(**વેસુ–ભરથાણા–અલથાણ**) તૈયાર કરવા અંગે ફાઈલના પાના નં.૭૦૩ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સૂચિત નગર રચના યોજના, સુરત નં.૬૫(**વેસુ–ભરથાણા–અલથાણ**)બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજય પત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૬/૨૦૦૯ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૧૭–૨–૦૯. 19-02-09